**ડાયરેક્ટ ❤ સે**

તુ ભી
બરસ કભી મુજપે
બારીશ કી તરહ
મૈં ભી
મહેકને લગું
ઈશ્ક મેં
મિટ્ટી કી તરહ

**જન્મદિને વધામણી**



**ધૃવી રશ્મિકાંત પટેલ**
મો. ૯૯૨૫૪ ૭૦૧૧૬



**કિર્તી હાજીપરા**

**મનોરંજન**

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
રાબતા
૧૨.૪૫, ૩.૪૫
૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ધ મમી (૩ડી, હિન્દી)
૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૩૦
ધ મમી (૩ડી, અંગ્રેજી)
૩.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
બાહુબલિ-૨ : ૩.૪૫
હિન્દી મીડિયમ
૭.૦૦
કરસનદાસ પે એન્ડ યુઝ
(ગુજરાતી)
૧૨.૪૫, ૯.૩૦

**સ્ક્રીન-૫**
રાબતા : સવારે ૧૦.૦૦
બહેન હોગી તેરી
૧.૦૦, ૪.૦૦
૭.૧૫, ૧૦.૧૫

# શાહપુર પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી



ગાંધીનગર, તા. ૧૧

શાહપુર પ્રાથમિક શાળામાં તા. ૯-૬-૨૦૧૭ને શુક્રવારના રોજ શિક્ષણ વિભાગ ગુજરાત દ્વારા આયોજિત શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે માણસા બીટ કેળવણી નિરીક્ષક પ્રકાશભાઈ પટેલ અને સીઆરસી કોઓર્ડિનેટર નિલેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ગાંધીનગર જિલ્લા પંચાયત સદસ્ય દિનુજી, તાલુકા સદસ્ય કાળાજી, તલાટી જોઈતાભાઈ, સરપંચ બાલુબેન ઠાકોર, એસએમસી અધ્યક્ષ રશ્મિકાબેન તથા અન્ય ગ્રામજનો તેમજ પ્રાથમિક તથા માધ્યમિક શાળાના શિક્ષકો હાજર રહ્યા હતા.

આ પ્રવેશોત્સવમાં આંગણવાડીના બાળકો, ધો. ૧ ના ૩૬ બાળકો તેમજ માધ્યમિક શાળામાં ધો. ૯ના ૫૮ વિદ્યાર્થીઓને ચંદનના તિલક કરી વિધિવત રીતે પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે બાળકોના વાલીઓ અને ગ્રામજનો મળી મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. શાળાના બાળકો માટે ગામ તરફથી રૂ. ૧૧ હજારનું દાન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રકાશભાઈએ શાળાના ધો. ૩ થી ૮ના બાળકોના પરિણામ પત્રક તપાસી તેમણે મેળવેલ ગુણનુ મૂલ્યાંકન કર્યુ. આ ઉપરાંત શાળાના ધો. ૬ થી ૮ ના બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલ જીવન કૌશલ્ય આધારિત બાળમેળાનુ પણ અવલોકન કર્યુ. શાળાનુ તમામ ભૌતિક તથા શૈક્ષણિક વાતાવરણ જોઈ પ્રકાશભાઈ અત્યંત પ્રભાવિત થયા. તેમણે શાળામાં અને ગામમાં કન્યા કેળવણી પર ભાર મુક્યો હતો. પ્રકાશભાઈએ પ્રવેશોત્સવને સફળ બનાવવા માટે દાન આપેલ તમામ દાતાઓનો આભાર માન્યો હતો.

### રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા દ્વારા ચિલોડા ખાતે

# ગ્રામ પંચાયત ડેવલપમેન્ટ પ્લાનની તાલીમ



ચિલોડા, તા. ૧૧

સરકારની એસઆઈઆરડી (રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા દ્વારા ગ્રામ પંચાયત ડેવલોપમેન્ટ પ્લાન)ની તાલીમ આજે ચિલોડા સેવા સહકારી મંડળીના હોલમાં ચિલોડા ગ્રામ પંચાયતના સરપંચ વસુમતીબેનના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ તાલીમ વર્ગમાં વજાપુરા, ચિલોડા, વાંકાનેરડા, વલાદ તથા ચિલોડા ગામના સરપંચ, તલાટી કમ મંત્રી તથા સભ્ય જી.પી.ડી.પી. સમિતિના સભ્યોને તાલીમમાં ગામના વિકાસ કામો અને ચોક્કસ આયોજન કરી ગામના સર્વાંગી વિકાસ થાય તેવા પ્રયત્નો હાથ ધરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ચિલોડા ખાતે સમગ્ર તાલીમાર્થી ગામના મુખ્ય રસ્તાઓ પાણીની સમસ્યા તેમજ અન્ય ગ્રામ વિકાસને લગતી બાબતોનુ સર્વે કરી જરૂરી માહિતગાર થયા હતા.

સૌનો સાથ સૌનો વિકાસના મંત્રને ચરિતાર્થ કરવા તાલીમવર્ગ સાચા અર્થમાં સાર્થક થાય તેવા પ્રયત્નો હાથ ધર્યા હતા. તાલીમ કાર્યક્રમનું તાલુકા કક્ષાએ મદદનીશ તાલુકા વિકાસ અધિકારી મુકેશભાઈ દવે તથા વ્યવસ્થાને ધ્યાનમાં લઈ માસ્ટર ટ્રેનર બ્રહ્મભટ્ટ તથા નિકુંજભાઈ રાવલે તાલીમ વધુને વધુ પ્રભાવિત થાય તેવા પ્રયત્નો કર્યા હતા.

# ચિલોડા પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ



ચિલોડા, તા. ૧૧

ચિલોડા પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ધો. ૧ માં પ્રવેશપાત્ર ૬૭ બાળકોને, આંગણવાડી અને બાલમંદિરમાં નાના ભુલકાઓને કુમકુમ તિલક કરી પાઠ્યપુસ્તકો, નોટબુક અને બેગ આપી આવકારવામાં આવ્યા હતા. આ પ્રવેશોત્સવમાં ગુજરાત પ્રદેશ પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ વિક્રમસિંહ ચાવડા, પ્રાથમિક શિક્ષણ સંઘના ઉપપ્રમુખ સુજલભાઈ પટેલ, ગામના અગ્રણી, શિક્ષણવિદ, ગ્રામ પંચાયતના સભ્ય નટુભાઈ પટેલ, એસએમસીના અધ્યક્ષ તખતસિંહ તથા સભ્યો, વાલીઓ વગેરે હાજર રહી નવા પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી. આ શાળામાં પ્રવેશ મેળવનાર બે દિવ્યાંગ બાળકોને સન્માન સાથે આવકાર્યા હતા. ઉપરાંત ગામના નિવૃત્ત શિક્ષિકા કમળાબેને ૧૧૦૦ રૂ.નું દાન પ્રોત્સાહન ઈનામ આપી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં ટ્રાન્સપોર્ટેશન સુવિધાને મહેમાનોએ આવકારી હતી. ધો. ૩ થી ૮ના તેજસ્વી તારલાઓ, શાળામાં દાન કરનાર દાતાઓ, વયોવૃદ્ધ ગામના વડીલ શીવાભાઈ સોલંકીનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યુ હતુ. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ચીનુભાઈ પરમારે સંભાળ્યુ હતુ. આ પ્રસંગે શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલે સૌને આવકારી સન્માનિત કરી આભાર વ્યક્ત કર્યો હતો.

# ૨૩મીએ શિક્ષણ બોર્ડની સામાન્ય સભા

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ૨૩ જૂનના રોજ સામાન્ય સભા મળશે. સામાન્ય સભાને લઈને બોર્ડના સભ્યોએ બોર્ડ સમક્ષ પ્રશ્નો મોકલી આપ્યા છે. જેનો જવાબ બોર્ડ દ્વારા આગામી સામાન્ય સભામાં આપવામાં આવશે. જોકે, તાજેતરમાં જ બોર્ડની પરીક્ષા પૂર્ણ થઈ હોવાથી પરીક્ષાને લગતા તથા સેમેસ્ટર સિસ્ટમ રદ કરવામાં આવી તેના લગતા મહત્વના પ્રશ્નો પુછવામાં આવ્યા છે.

આ ઉપરાંત નવી સ્કૂલોની મંજૂરી સહિતની વિગતો પણ સામાન્ય સભામાં માંગવામાં આવી છે. બોર્ડની સામાન્ય સભા ૨૩મી જૂનના રોજ મળી રહી છે. સામાન્ય સભામાં બોર્ડના તમામ સભ્યોને બોલાવવામાં આવતા હોય છે અને તેમાં સભ્યો દ્વારા કરવામાં આવતા પ્રશ્નોના જવાબ બોર્ડ દ્વારા આપવામાં આવતા હોય છે. જેથી હાલમાં સભ્યોએ બોર્ડ સમક્ષ પ્રશ્નો મોકલવાનું શરૂ કરી દીધું છે. હાલમાં બોર્ડના પાંચ જેટલા સભ્યો ડો. પ્રિયવદન કોરાટ, ડો. નિદત બારોટ, કે.એ. બુટાણી, નરેન્દ્ર વાઢેર અને હરદેવસિંહ રાણાએ બોર્ડ સમક્ષ પોતાના પ્રશ્નો મોકલી આપ્યા છે.

ડો. પ્રિયવદન કોરાટે સાયન્સમાં સેમેસ્ટર સિસ્ટમ અંગેનો પ્રશ્નો કર્યો છે. જેમાં આ પધ્ધતિ રદ કરવામાં બોર્ડની ભૂમિકા અને હાલમાં કઈ પધ્ધતિ અમલમાં છે તેની માહિતી માંગી છે. ઉપરાંત વેરાવળની સ્કૂલની મંજૂરી અંગેનો પ્રશ્ન અને રાજ્યમાં સ્કૂલોની નોંધણી બાકી હોય તેની વિગતો માંગી છે. જ્યારે ડો. નિદત બારોટે રાજ્યમાં જૂન-૨૦૧૬માં કેટલી સ્કૂલોની માંગણી કરવામાં આવી હતી અને તેમાંથી કેટલી મંજૂર કરાઈ તેવી વિગતો માંગવામાં આવી છે.

કે.એ.બુટાણીએ પરિણામને લઈને મહત્વની વિગતો માંગી છે. જેમાં ધોરણ-૧૦ના માર્ચ-૨૦૧૭ના પરિણામમાં મોરબી જિલ્લાના માળિયા કેન્દ્રનું પરિણામ અનામત રાખેલ છે કે કેમ તેની વિગત મંગાઈ છે અને જો અનામત રાખવામાં આવ્યું હોય તો કયા કારણથી અનામત રખાયું છે અને ક્યારે અપાશે તેની વિગત માંગવામાં આવી છે. નરેન્દ્ર વાઢેરે સેમેસ્ટર સિસ્ટમમાં પાસ-નાપાસ અંગેની વિગતો માંગી છે અને ૧૩૨ ગુણ સાથે પાસ થવાના નિયમની જાણકારી પણ માંગી છે.

# વાવોલની એમ.બી. પટેલ વિદ્યાલયમાં ગણવેશ વિતરણ



ગાંધીનગર, તા. ૧૦

એમ.બી. પટેલ વિદ્યાલય વાવોલ ખાતે જરૂરિયાતમંદ ૯૦ જેટલી દિકરીઓને સંસ્થાના પ્રમુખ પોપટલાલ પટેલના અધ્યક્ષસ્થાને ગણવેશ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ ગણવેશ પૃથ્વીભાઈ શાહના માતૃશ્રી ઈન્દીરાબાની યાદમાં સતત ૧૧ વર્ષથી આપવામાં આવે છે.

આ પ્રસંગે દાતા પૃથ્વીભાઈ શાહે સમાજમાં દિકરીઓનુ મહત્વ સમજાવી દિકરી બચાવો દિકરી વધાવોનુ મહત્વ સમજાવ્યુ હતુ. પૃથ્વીભાઈ શાહ છેલ્લા અગિયાર વર્ષથી શાળાની દિકરીઓને ગણવેશ વિતરણ કરે છે અને વાવોલને પોતાનુ વતન સમજી ઉમદા કાર્ય કરી રહ્યા છે. જેને સંસ્થાના પ્રમુખ પોપટલાલ પટેલે પ્રસંસનીય કાર્ય ગણાવ્યુ હતુ.

પોપટલાલ પટેલે શાળાની પ્રવૃત્તિની રૂપરેખા આપી જણાવ્યું હતું કે આ શાળામાં વાર્ષિક રૂ. ૬૦૦ની નજીવા દરે ફી લઈ ભણાવવામાં આવે છે. દિકરીઓ માટે આવનારા સમયમાં આ ગામના જે ભાઈ-બહેને એક દિકરી હશે તેમના સન્માન સમારંભ યોજાશે તેમ તેમણે જણાવી સમાજના સર્વાંગી વિકાસમાં મહિલાઓનો સિંહફાળો છે તેમ તેમણે જણાવ્યુ હતુ.

આ પ્રસંગે મંત્રી રઘુસિંહ ગોલ ટ્રસ્ટી, વરિષ્ઠ પત્રકાર વિનોદ રાઠોડ, ઉપપ્રમુખ કુબેરસિંહ ગોલ, સહમંત્રી અમરસિંહ ગોલ વિગેરે હાજર રહી પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

સ્વાગત પ્રવચન શાળાના આચાર્ય બળદેવભાઈ પટેલે કર્યુ હતુ. જયારે આભારવિધિ નારણભાઈ ચૌધરીએ કરી હતી. મેયર પ્રવિણભાઈ પટેલે શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન રમીલાબેન વ્યાસે કર્યુ હતુ.

# સમસ્ત લેઉવા પાટીદારોનાં આરાધ્ય દેવી મા અન્નપૂર્ણા અને અડાલજ

॥ બીજો મણકો ॥

**અડાલજ**

વર્તમાન સમયમાં ગાંધીનગર જિલ્લામાં આવેલું અડાલજ નામનું ગામ પૂર્વપ્રાચીન કાળમાં ઘણાં નામોથી ઓળખાતું હતું. તેનાં થોડાંક નામો આ પ્રમાણે મળ્યાં છે : અટ્ટાલય, અટ્ટાલજ, અટ્ટાલયાજ, અટ્ટાલજ, અડાલયિજ, અડાલયિજ ગ્રામ, અડાલયિજ પ્રદેશ, અડાલિજ, અડાલન્જ, અડલાજ વગેરે. તેના વસવાટનો સમય ઈસ પૂર્વે તરફ લઈ જાય છે. જોકે બાબુભાઈ પેથાણી આ નગરના વસવાટને પાંચ હજાર વર્ષ પૂર્વેનો બતાવી અવધપુરી સાથે તેના સંબંધો ઉપર પ્રકાશ પાડે છે. અને આ નગર ચાર ચાર વખત નાશ પામી ફરી વસ્યાનાં પ્રમાણો પણ આપે છે. એટલે કહી શકાય કે આજથી ૭ હજાર વર્ષ પૂર્વે પણ એક અડાલજ ગામનું અસ્તિત્વ હતું. અટ્ટાલય નામે એક રાક્ષસીનો અહીં વધ કરવામાં આવ્યો હતો, જેના નામ પરથી ગામનું નામ અટ્ટાલય અને પછી અપભ્રંશ થઈ અડાલજ નામે ઓળખાતું થયું છે.

**અડાલજના પતનનો ઇતિહાસ**

અડાલજ ગામ ચાર વખત નાશ પામી પુનઃનિર્માણ પામ્યું છે. ઈસ પૂર્વે થયેલા ધરતીકંપને કારણે આ ગામ જમીનમાં દટાયું ને એક સદી સુધી ઉજ્જડ પડી રહ્યું. ઈસ પૂર્વે ૩૦૦થી ૪૦૦ના સમયગાળા દરમિયાન લેઉવા કણબી પાટીદારોએ તેને ફરી વસાવ્યું ત્યારે ખોદકામ કરતાં જમીનમાંથી બોદ્ધ ધર્મની ઘણી ખંડિત મૂર્તિઓ તથા નગરના અવશેષો મળી આવ્યા હતા.

ઈસ ૪૦૦થી ૭૦૦ સુધીમાં આ નગર સંસ્કૃતિની ટોચે પહોંચ્યું હતું. તેમાં મોટાભાગની વસતિ લેઉવા પાટીદારોની હતી અને તેઓ અન્નપૂર્ણા માતાજીના પરમ ઉપાસકો હતા. આ નગરને ઈસ ૭૨૪માં બગદાદના ખલીફાના સૂબા જુનૈદે તોડ્યું હતું અને તેને બાળી લૂંટ ચલાવી હતી. મંદિરમાં રહેલી મૂર્તિઓને કંડિત કરી હતી અને કરોડોનું જર-ઝવેરાત લઈ ગયો હતો. ૨૨ વર્ષ બાદ ઈસ ૭૪૬માં અડાલજ ત્રીજી વાર વસ્યુ અને ઈસ ૧૩૦૦ સુધી આબાદ રહ્યું. એ સમયે અડાલજના આજુબાજુનો પ્રદેશ ઈસ ૯૦૦ સુધી વેરાન હતો. માત્ર ઉવારસદ નામનું એક ગામ એ પ્રદેશમાં ૧૦ કિમી અંતરમાં હતું. ઈસ ૯૦૦ પછી પોર, કુડાસણ, ઝુંડાલ, અંબાપુર, રાયસણ, જમિયતપુરા, તારાપુર, દંતાલી, શેરથા વગેરે ગામો વસ્યાં છે. આ બધાં ગામોના સીમાડા અડાલજને અડતા હતા એટલે તેની સમૃદ્ધિ કેવી હશે તેનો અંદાજ લગાવી શકાય તેમ છે.

એ કાળમાં ગામમાં ૫૦ જેટલાં નાનાં-મોટાં તળાવો હતાં. ચાર મોટી પગથિયાંવાળી વાવ હતી. આ તળાવોમાંના માલવ, નાટવા, ડાહોર, હરણી જેવા મોટાં અને બીજા ૨૦ જેટલાં તળાવો હાલમાં છે કે નહિ તે સંશોધનનો વિષય ચે. આ તળાવોનાં પામી નહેરો મારફત ખેડૂતોનાં ખેતરોમાં પહોંચાડાતાં હતાં. પરિણામે અડાલજનો પ્રત્યેક ખેડૂત વરસમાં બે વાર પાક લઈ શકતો હતો.

બાબુભાઈ પેથાણીએ સંશોધન સમયે એટલે કે ઈસ ૧૯૮૫ની આસપાસ અડાલજની મુલાકાત લીધી હતી ત્યારે નોંધ્યું હતું કે અડાલજ લેઉવા પાટીદારોની બુદ્ધિચાતુર્ય અને દીર્ઘદષ્ટિને કારણે સમૃદ્ધિની ટોચે પહોંચ્યું છે. ગામની ભાગોળે ઉત્તરે આવેલ ગંગુસર તળાવ અને નાટવા તળાવમાંથી નહેરો કાઢવાનું આયોજન હાથી પટેલ તથા નરવર પટેલે ઘડ્યું હતું.

અડાલજને ચોથી વખત અલફખાને તોડ્યું હતું. ઈસ ૧૩૦૦માં અલફખાને પાટણ જીત્યું ત્યારે પાટણથી ખંભાત જતાં વચ્ચે આવતા અડાલજ ગામમાં પડાવ નાખી ગામને લૂંટ્યું હતુ અને હિન્દુ ધર્મના સ્થાપકોને ભ્રષ્ટ કર્યા હતા. ત્યારથી અડાલજની પડતીનાં પગરણ મંડાયાં હતાં.

**રામજી પટેલની પેઢી**

અડાલજમાં રામજી પટેલ નામે લેઉવા પાટીદાર ઈસ ૧૧૦૦ના ગાળામાં વસતા હતા. તે સિદ્ધરાજના પ્રધાનમંડળમાં મોખરાનું સ્થાન ધરાવતા હતા. રામજી પટેલના પૂર્વજો ઈસ પૂર્વે ૫૦૦માં લેહ કે લેયા નામના પ્રદેશમાં વસતા હતા. અને લેહક નામના બળવાન પુરુષે લેહકપુર નામની નગરી વસાવી હતી. જેથી રામજી પટેલની ઉતરતી પેઢીઓમાં કેટલીકે લેહકપુરિયા શાખ અપનાવી હતી. તે આજે પણ સાંભળવા મળે છે. હાલમાં પણ હારિત ગોત્રના લેઉવા પાટીદારો લેહકપુર તથા અંતર્વેદ પ્રદેશમાં વસે છે. આ રામજી પટેલની તમામેતમામ પેઢીઓનાં નામ મળે છે. પણ સ્થળસંકોચને કારણે તેનો આ લેખમાં સમાવેશ નથી કર્યો. પણ આછકલા ઉલ્લેખરૂપે લેહકથી ૨૭મી પેઢીએ ઈસ ૩૦૦માં અજય પટેલ થયા, ૩૫૦માં મહિદાસ થયા. પછી ભાણ, કરણા, ઉદા, ધનજી, કુશળા, આશા, કંધાર અને ઈસ ૭૬૦માં શાન્તુ વગેરે જેવી પેઢીઓ થઈ છે, જે ફરસુ બારોટના ચોપડે લખાયેલી છે.

**૯૯૯ નાડીનું ગામ**

અડાલજમાં ઈસ ૧૩૦૦થી ૧૪૦૦ના સમયમાં ૭૦૦ જેટલા માઢ હતા. માઢ એટલે ગટર-પાણીની સગવડવાળાં ઘર-ખડકી. આવા દરેક માઢમાં એક-એક ઘી વેચવા માટેનો કાંટો (ત્રાજવું) હતો. આમ ૭૦૦ કાંટા હતા. આના ઉપરથી ત્યાંનું પશુધન કેટલું હશે તેનો ખ્યાલ આવે છે. અડાલજ ૯૯૯ નાડીનું ગામ ગણાતું. નાડી એટલે એક બળદની જોડ. ઈસ ૧૪૦૦ સુધી અડાલજમાં બે હજાર જેડલાં ગાડાં હતાં અને ખંભાત બંદરે માલ પહોંચાડવાના ઉપયોગમાં લેવાતાં હતાં. ૧૪૦૦ પછી ખંભાત બંદર પુરાઈ જવાથી વેપાર ભાંગી પડ્યો હતો.

**અન્નપૂર્ણા માતાજી**

આજથી ૨૪૦૦ વર્ષ પૂર્વે અડાલજમાં પ્રથમ વખત આવનાર હારિત ગોત્રના ઘેબર પટેલ હતા. તે પોતાના નાતભાઈઓ, પરિવાર સાથે જ્યારે અડાલજમાં આવીને વસ્યા ત્યારે પોતાની સાથે ડોળીમાં નાખીને માતા અન્નપૂર્ણાની સવામણ વજનની મૂર્તિ સાથે લાવ્યા હતા. આ મૂર્તિ પથ્થરમાંથી બનાવાયેલી હતી. અને વસ્ત્રાચ્છાદનવિહીન હતી. મા અન્નપૂર્ણા એ લેઉવા પાટીદારોની ખરી રક્ષક અને ધન-ધાન્ય ઉપજાવનાર સમસ્ત લેઉવા પાટીદારોની રક્ષા કરતી અતિઆરાધ્યા દેવી તરીકે આદિકાળથી જ પૂજાતી રહી છે. પરંતુ આજે લેઉવા પાટીદારો તેનું સ્મરણ ભૂલી માત્ર કરદેવીઓને જ પૂજતા રહ્યા છે. ઈસ પૂર્વે ૪૦૦માં એટલે કે આજથી લગભગ ૨૪૦૦ વર્ષ પૂર્વે દેવ-દેવીઓની પૂજા કરવા તેને પથ્થર કે લાકડામાં બીબાં સ્વરૂપે કોતરી, પ્રતીકરૂપે ઢાળી તેની પૂજા કરવામાં આવતી. મૂર્તિઓ વસ્ત્રાભૂષણથી સજ્જ ઘડાતી ન હતી. ઈસુ પછીની સાલમાં મૂર્તિને વસ્ત્રાલંકારથી સજ્જ ઘડવાનું શરૂ થયું.

હીરાભાઈ પટેલ સવામણ સોનાની મૂર્તિનો ઉલ્લેખ પોતાના પુસ્તકમાં કરે છે. પરંતુ એ મૂર્તિનો ઉલ્લેખ બીજે ક્યાંય મળતો નથી. સંભવ છે કે અડાલજ ત્રણ-ત્રણ વાર લૂંટાયું ત્યારે સોનાની મૂર્તિની પણ લૂંટ થઈ હોય અને થઈ હશે જ. કારણ કે ગુપ્તયુગમાં ગુપ્ત સમ્રાટ સમુદ્ર ગુપ્તના રાજ્યકાળમાં લંકાના રાજા મેઘવર્ણે બૌદ્ધ ગયામાં સોના-ચાંદીમાં ઢાળે રત્નજડિત બુદ્ધની મૂર્તિ બનાવી હતી, તે આજે પણ ક્યાંય જડતી નથી. એ સમયે બહારના દેશના મુસ્લિમો હિન્દુ ધર્મનાં આસ્થાસ્થાનો સહિત મૂર્તિઓનો નાશ-વિનાશ તથા ચોરી-લૂંટ જેવાં કારનામાં કરતા હતા એટલે સ્પષ્ટપણે એમ ન જકહી શકાય કે સોનાની મૂર્તિ હતી નહીં.

**મૂર્તિનું નવનિર્માણ**

ઈસ પૂર્વેની અન્નપૂર્ણા માતાજીની મૂર્તિ કોઈ કારણોસર ખંડિત થઈ જવાથી સંવતના છઠ્ઠા સૈકામાં રાજસ્થાનના શિલ્પી સારંગધરને બોલાવી ઉદા પટેલ, ધૂંહા પટેલ, આશા પટેલ વગેરેએ વસ્ત્રાલંકાર સાથેની અન્નપૂર્ણાની મૂર્તિ તૈયાર કરાવી. હાલ જ્યાં ઠાકોરવાસ છે તે સ્થળે ઈંટોનું મંદિર બનાવી તેમાં અન્નપૂર્ણાજી સાથે આશરા પટેલે તૈયાર કરાવેલ શિવ અને નંદીની બે મૂર્તિઓ પણ આ મંદિરમાં પધરાવી મોટો ઉત્સવ કર્યો હતો. આ ઉત્સવમાં ગાના ગામના મહંત પૂજારી ખાસ હાજર રહ્યા હતા. આ સૈકામાં અડાલજથી ગાના ગામમાં ગયેલા પાટાદીરો મહંતને તેડી લાવ્યા હોવાનું બાબુભાઈ પેથાણીએ નોંધ્યું છે. ત્યાર પછી આ મંદિરનો જીર્ણોદ્ધાર ધૂંહા જ્ઞાતિએ કર્યો હતો જેનો સમય ૮મા સૈકાનો મનાય છે. ખંડિત થયેલ અન્નપૂર્ણાની મૂર્તિને અગ્નિમાં પધરાવી, પવિત્ર કરી સાબરમતી નદીમાં પધરાવવામાં આવી હતી. ત્યારે ગંગાકાંઠાના બ્રાહ્મણોને બોલાવીને વિધિ કરાવ્યો હતો, જેમાં લાડુ ભટ્ટની સાથે અન્ય ૨૦ બ્રહ્મદેવતા (બ્રાહ્મણો)એ હવન-યજ્ઞ કર્યા હતા. આ યજ્ઞ છઠ્ઠા સૈકામાં થયો હતો. (ક્રમશઃ)

લેખક - ચંદ્રકાન્ત પટેલ 'સરલ'
પુસ્તક : 'શ્રી અન્નપૂર્ણાધામ અડાલજ'

